## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, એન્ટી આર.ટી.ઓ. ડિઝાઈનવાળા શર્ટ છે... ડ્રાઈવ કરતી વખતે પહેરીલો... સીટ બેલ્ટનાં દંડમાંથી કાયમી મુક્તિ...

# જલુંદ ગામે પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી એસીડીક રાસાયણિક પદાર્થો બનાવવાની ફેક્ટરી સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના જલુંદ ગામના ખેતરમાં ચાલતી એસીડીક રાસાયણિક પદાર્થો બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. તે પણ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી વગર પર્યાવરણને નુકશાન પહોંચાડવા બદલ આ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ફરીયાદ નોંધાવતા પોલીસે ઉદ્યોગ માટે જવાબદાર દિનેશ પટેલ અને જમીન માલિક મળી બે નાગરીકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પર્યાવરણ ઈજનેર ડી.સી.વંકાણીએ પેથાપુર પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ ગત તા.૭ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ તેમના વિભાગને જલુંદ ગામની સીમમાં સર્વે નં. ૫૭૨ પર દિનેશભાઈ પટેલ તેમજ અન્ય ભાગીદારો મંજુરી વિના રાસાયણોનું ઉત્પાદન કરતા હોવાની અનેક ફરીયાદો ઉઠી હતી.

જેને પગલે કચેરીના વૈજ્ઞાનિક અધિકારીએ સ્થળ પર જઈ જાત તપાસ કરતા ખેતરની જમીનમાં રસાયણ બનાવવાનું કામ ચાલતુ હતું. જેમાં ૬૦ થી ૭૦ ટન રસાયણ સુકવવા મુકેલી હાલતમા હતું અને તેમાંથી નીકળતુ પ્રદુષિત પાણી પાસે આવેલા કુદરતી નાળામાં પ્રદુષિત પાણી ઠલવાતુ હતું. જેને પગલે અધિકારીએ સ્થળ પરથી જરુરી નમુના લીધા હતા.

તપાસ બાદ જીપીસીબીની વડી કચેરી દ્વારા ફેકટરીના માલિક અને જમીન માલિક સામે તા.૨૮ ડિસેમ્બર ૨૦૧૮ માં જ ફરીયાદ દાખલ કરાવવા પર્યાવરણ ઈજનેરે હુકમ કર્યો હતો. ફેકટરી બંધ કરવાની નોટીસ આપીને સંતોષમાનીને બેસી ગયેલા જીપીસીબી બીજીવાર આ તરફ તપાસ કરવાની તસ્દી લીધી ન હતી. પરંતુ પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈએ પર્યાવરણ ને થતા નુકશાન અંગે તંત્રનું ધ્યાન દોર્યું હતું. બે પોલીસ જવાનોએ ગત મહિને જ અહીં સ્થળ તપાસ કરતા આઠ મહિના પહેલા જે સ્થિતિમાં કામ ચાલતુ હતું તેજ પસ્થિતિમાં કામ ચાલતુ નજરે પડયું હતું. જેને પગલે આખરે પોલીસે જાહેર જળાશયનું પાણી ગંદુ કરવા બદલ કલમ ૨૭૭ તથા પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ ની કલમ ૫ મુજબ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે કોઈ કારણોસર તે સમયે ફરીયાદ નોંધાઈ ન હતી. ફેકટરી માલિકને પ્રવૃતિ બંધ કરવાના હુકમ કરાયો હતો. તેમ છતા આ પ્રવૃતિ ચાલુ રહી હતી.

# આજે રાત્રે રાયસણમાં પંડિત દિનદયાળ નગર ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગાંધીનગરના રાયસણ ખાતેના પંડિત દિનદયાળ નગર ખાતે પ્લોટ નં. ૩૫૧માં તા. ૨૧મી સપ્ટેમ્બર શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક ડાયરામાં શહેરના લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ, ઉત્તર ગુજરાતની કોયલ તરીકે જાણીતા સુલોચના વ્યાસ લોક સાહિત્ય અને સંગીત પીરસશે. કાર્યક્રમનું સંચાલન સાહિત્યકાર વ્હાલા ગજ્જર કરશે. કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા મિત્રમંડળના પ્રમુખ તખતસિંહ પરમાર અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

જ્યારે કાર્યક્રમાં તબલા ઉત્સાદ અનિલ જાલીસણીયા, બેન્જો માસ્ટર રજનીકાંત સુથાર અને મંજીરાનો માણીગર અસુરાજ સેવાઓ આપશે. કાર્યક્રમને નિઃશુલ્ક માણવા આ વિસ્તારની જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે-૩ સાંઈ બાબા મંદિર પાસે છાપરામાં જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૩ સાંઈબાબા મંદિર પાછળ આવેલા કાચા છાપરામાં જુગાર રમતા ચાર જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી સ્ટાફ કોન્સ્ટેબલ બેચરભાઈને મળેલી બાતમીને પગલે પોલીસે છાપરા સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જગદીશ ધનરાજ પારઘી, રઘુ જાદવ, અબ્બાસ વજીર પીંજારા તેમજ સે-૧૪ ખાતે રહેતા જગમાલ જીવાભાઈ ખાવડીયાનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૦,૬૩૦ તેમજ રૂ.૩ હજારની કિંમતનો મોબાઈલ ફોન જપ્ત કરી ચારેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગરમાં પ્રોહિ.ના ગુનામાં નાસતો ફરતો આરોપી સલીમ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતની સરહદને અડીને આવેલા રાજસ્થાનમાંથી મોટાપાયે વિદેશી દારુનો જથ્થો ગુજરાતમાં ઘુસાડીને મોટાપાયે દારુનો વેપાર કરનાર નામચીન બુટલેગરને ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી લીધો છે. એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડને ની ટીમને બાતમી મળી હતી કે સલીમ ઉર્ફે તોતો શકીલ સમસુદીન અન્સારી ( રહે.જનતાનગર) રામોલને દબોચી પાડ્યો હતો. બુટલેગર સલીમ માણસા, કલોલ અને સોલા પોલીસ મથકના પ્રોહિના ગુનામાં છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ હતો.

તા.૨૦ ઓગસ્ટના રોજ આરોપીએ સોલા પોલીસ મથકના હેબતપુર ગામની સીમમાં રૂ.૧૭.૪૨ લાખની કિંમતનો ૪૨૬ પેટી વિદેશી દારુનો જથ્થો ઉતાર્યો હતો તે સમયે પોલીસની રેઈડ પડતા પહેલા તે ભાગી ગયો હતો. આરોપી સામે અમદાવાદ અને ગાંધીનગરમાં દારુના ૧૬ કેસ નોંધાયા છે. તે ઉપરાંત આરોપીની પાસા હેઠળ પણ અટકાયત પણ થયેલી છે. ગાંધીનગર એલસીબી-૨ નામચીન બુટલેગરને પકડી લેતા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.



વાદળોની અવરજવર વચ્ચે સૃષ્ટિના અદ્ભૂત રૂપ આપણને જોવા મળી રહ્યા છે. નીતનવી ભાત સાથે ઉઘડતું આકાશ આપણને પ્રસન્નતાથી સભર બનાવી દે છે. વહેલી સવારે ઉગી રહેલો સૂર્ય ધીમે ધીમે સમગ્ર સૃષ્ટિને ચેતન કરી રહ્યો છે. કેમેરામાં કંડારાયેલા આ અદ્ભૂત દશ્યો માણવા ગમે એવા છે.

# ગાંધીનગર જિલ્લામાં ઈ-સ્ટેમ્પીંગ તથા ફ્રેન્કિંગના ૨૨ સર્વિસ કેન્દ્રો કાર્યરત

ગાંધીનગર

રાજય સરકાર દ્વારા નાગરિકોને સ્ટેમ્પ મેળવવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ ઈ-સ્ટેમ્પિંગ રુલ્સ- ૨૦૧૪માં સુધારો કરીને તા. ૧ ઓકટોબર, ૨૦૧૯ થી રાજયભરમાં નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપરનું ફિઝિકલ વેચાણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૧ ઓકટોબર, ૨૦૧૯ થી ફીઝીકલ સ્ટેમ્પ બંધ થતાં નાગરિકોને સ્ટેમ્પ મેળવવામાં કોઈ તકલીફ ન પડે તે માટે જિલ્લામાં હાલમાં ફ્રેન્કિંગ તથા ઈ-સ્ટેમ્પિંગના કુલ- ૨૨ સર્વિસ કેન્દ્રો કાર્યરત છે. તેની સુવિધા મેળવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા. ૧ ઓક્ટોબર, ૨૦૧૯થી ફિઝિકલ સ્ટેમ્પ પેપર બંધ થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં નાગરિકોને કોઈ તકલીફ ન પડે તો માટે ઈ-સ્ટેમ્પીંગની સુવિઘાથી શીડયુઅલ બેંકો, કેન્દ્ર અને રાજય સરકારના નિયંત્રણ હેઠળની નાણાકીય સંસ્થાઓ કે એકમો અને પોસ્ટ ઓફિસ ઉપરાંત લાયસન્સી સ્ટેમ્પ વેન્ડર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, બંદર/પોર્ટ ખાતેના સી એન્ડ એફ એજન્ટ, ઈ-ગર્વનન્સ પ્લાન હેઠળ કાર્યરત કોમન સર્વિસ સેન્ટર, આરબીઆઈ રજિસ્ટર્ડ નોન બેંકીગ ફાઈનાન્સીયલ કંપની અને લાયસન્સી નોટરી પૈકી જે વ્યકિતઓ/ સંસ્થાઓ જે તે જિલ્લાની સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશનની કચેરી ખાતે ઈ-સ્ટેમ્પિંગનું લાયસન્સ મેળવવા અરજી કરી શકશે.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં હાલમાં ફ્રેન્કિંગ તથા ઈ સ્ટેમ્પીંગના કુલ – ૨૨ સર્વિસ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ઘી કલોલ નાગરિક સહકારી બેંક લિ, કલોલ, એકિસસ બેંક લિ. સેકટર-૧૬, ગાંધીનગર, ઘી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ., સેકટર-૧૬, ગાંધીનગર, ધી મહેસાણા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિ, માણસા, ઘી કાલપુર કોમ. કો.ઓ. બેંક લી. કડી સર્વ વિશ્વ વિધાલય, સેકટર- ૨૩, ધી પોસ્ટ માસ્ટર, ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ, સેકટર-૧૧, ગાંધીનગર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઉઘોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર, ધી વિજય કો.ઓ.બેંક લિ, કુડાસણ, ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો. ઓ. બેંક લિ. સેકટર-૬, અપના બજાર, અમરનાથ કો.ઓ. બેંક લિ. કુડાસણ, ધી કાલુપુર કોમ. કો. ઓ. બેંક લી છત્રાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, છત્રાલ, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. સેકટર-૧૬, ગાંધીનગર, સબ રજિસ્ટ્રાર કચેરી, ગાંધીનગર, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર, સબ- રજીસ્ટ્રાર કચેરી, માણસા મામલતદાર કચેરી, કલોલ મામલતદાર કચેરી અને દહેગામ મામલતદાર કચેરી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, કલોલ, ગાંધીનગર અને અડાલજ, પંજાબ નેશનલ બેંક શાખા સેકટર- ૧૬, તમિલનાડુ મર્કેન્ટાઈલ બેંક લિ સેકટર-૨૪, અને સી.એસ.સી. ઈ-ગવર્નન્સ ઈન્ડિયા લી. અમૃતલાલ પ્રજાપતિ, જાસપુર, તા. કલોલનો સમાવેશ થાય છે.

# રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ડેન્ટલ કેમ્પ

ગાંધીનગર, તા.૨૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સામાજીક





ઉત્થાનની પ્રવૃત્તિના ભાગરૂપે આજ રોજ તા. ૨૦-૦૯-૨૦૧૯, શુક્રવારના રોજ ગાંધીનગર સ્થિત સેકટર-૧૩ ખાતે આવેલી આંગણવાડીઓમાં ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવતા ડેન્ટીસ્ટ ડોક્ટર અંકુર પરમારના સક્રિય યોગદાનથી નંદ ઘર (આંગણવાડી) સેક્ટર-૧૩/૨ અને ૧૩/૩ ખાતે બાળકો માટે ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આંગણવાડીમાં ભણતા બાળકોના દાંતની ડો. અંકુર પરમાર દ્વારા ચકાસણી કરવામાં આવેલ અને જે બાળકોને તકલીફ હોય તો તેનું નિરાકરણ માટે માર્ગદર્શન આપેલ. દરેક બાળકોને સંસ્થા વતી ટુથ બ્રશની ભેટ આપવામાં આવેલ. બંને આંગણવાડીઓના આશરે ૯૦ જેટલા બાળકોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

આ ડેન્ટલ કેમ્પમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર, પીઆર હેડ સુશ્રી જયશ્રીબેન ખેતિયા, સક્રિય સભ્ય શ્રી નરેશભાઈ પ્રજાપતિ, શ્રીજી ડેન્ટલ કેરના સદસ્ય શ્રી હસમુખભાઈ ખાસ ઉપસ્થિત રહીને મદદમાં જોડાયા હતા. કેમ્પને સફળ બનાવવા બંને આંગણવાડી તરફથી ક્રિષ્નાબેન, ગાયત્રીબેન, વર્ષાબેનનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગરે સીએસઆર કોન્કલેવનું આયોજન

શહેરની રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના યજમાનપદે રોટરી ડિસ્ટ્રિક ૩૦૫૪ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં આશ્રમ રોડ પર જીસીસીઆઈ ખાતે ‘‘સીએસઆર કોન્કલેવ : કનેક્ટ ટુ ક્રિએટ’’ વિષયે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઓએનજીસીના ગ્રૃપ જનરલ મેનેજર રાજેન્દ્ર પ્રસાદ ઉપરાંત ભૂષણ પૂનાની, અરવિંદ લિમીટેડ કંપનીના સીએસઆર હેડ નીરજલાલ, રોટરી ડિસ્ટ્રિકટ ૩૦૫૪ના ગર્વનર બીના દેસાઈ અને ચિંતન શાહ વગેરે નિષ્ણાંત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને સીએસઆરની દરખાસ્ત બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ શહેરોની રોટરી ક્લબના સભ્યો, એનજીઓ તથા કોર્પોરેટર્સના પ્રતિનિધિઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આયોજન માટે રોટરી કલબ ઓફ ગાંધીનગરના જીતેન્દ્ર પટેલ, ઉર્મિલ વેદ, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, સેક્રેટરી ભારત જેન સહિત સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## શહેરમાં અખિલ ગુજરાત નાગર બેઠા ગરબા સ્પર્ધા યોજાશે

વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા અખિલ ગુજરાત નાગર બેઠા ગરબા સ્પર્ધા તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ થી ૬ દરમિયાન સે-૨૩ સ્થિત નાથીબા હોલ ખાતે યોજાશે. સ્પર્ધામાં કુલ ૧૬ ટીમ વિવિધ શહેરો અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, ભરૂચ, વડોદરા, જામનગર તથા વિદ્યાનગરથી ભાગ લેશે.

# કેવડીયા કોલોની ખાતે ‘નર્મદા શ્રમ અને સેવા શિબિર’નું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે ‘નર્મદા શ્રમ અને સેવા શિબિર’નું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વની મોટામાં મોટી સિંચાઈ યોજના અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના વિકાસ કાર્યમાં રાજ્યના યુવાઓ પોતાની શક્તિઓનું શ્રમદાન કરે તથા પોતાની શક્તિઓનો સદુપયોગ કરી રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનો ફાળો પ્રદાન કરે તે આશયથી આ શ્રમ-સેવા શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હોવાનું યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરે જણાવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ શિબિરમાં નર્મદા યોજના તથા પર્યાવરણને લગતુ શ્રમ કાર્ય, નર્મદા યોજના અંગેની વિસ્તૃત માહિતી, ચર્ચા, સભા, પ્રવચન સહિતના જ્ઞાનવર્ધક કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

૩૧ જુલાઈ-૨૦૧૯ના રોજ જે યુવક-યુવતીઓ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય અને શ્રમ કાર્યમાં જોડાવવા ઈચ્છતા હોય તેવા યુવાઓ તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૧૯ સુધીમાં ‘જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા સેવા સદન, રૂમ નંબર-૨૧૭, બીજે માળે, રાજપીપળા, જિ.નર્મદા’ને માંગ્યા મુજબની માહિતી સાથેની અરજી મોકલી આપવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સોમવારે શિવરંજનીનો “તાજગીના સૂરનું ઉઘડતું આકાશ” કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની જાણીતી કલા સાંસ્કૃતિક સંસ્થા શિવરંજની દ્વારા સંસ્થાના સભ્યો માટે સંગીતને લગતા વિશિટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૧૯૭૨માં શરૂ થયેલી આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટે ‘‘સ્વરોત્સવ-૨૦૧૯’’થી સુંદર કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી ચુકી છે અને હવે આગામી તા. ૨૩મી સપ્ટેમ્બરના રોજ નવી પેઢીના યુવા કલાકારોને મંચ આપવા સાથે માતૃભાષા ગુજરાતીના સંરક્ષણ-સંવર્ધન હેતુસર ‘‘તાજગીના સૂરનું ઉઘડતું આકાશ’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ સોમવારે રાત્રે ૯.૩૦ કલાકે સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે જેમાં ગુજરાતી ભાષાના લોકપ્રિય ગીતોનો ગુલદસ્તો પ્રહર વોરાની સંગીત ગુંથણી તથા તુષાર જોષીના સંચાલન સાથે પ્રસ્તુત કરાશે. કાર્યક્રમમાં સાવની દીવેટીયા શાહ, નિર્વેશ દવે, ધ્રુતિ અને ધ્યેય વચ્છરાજાની તેમના તાજગીભર્યા સૂરનું આકાશ ઉઘાડશે.



## મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન અમદાવાદ પ્રેરિત ગાંધીનગર તાલુકાની શાળાઓની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રતિભાસંપન્ન તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને લગભગ સાઈટ હજાર રૂપિયાની શિષ્યવૃતિના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નટુભાઈ પટેલ, શિક્ષણવિદ, પત્રકાર, ચિલોડા તથા હિતેન્દ્રસિંહ રાઠોડ, સુરેશભાઈ ચૌધરી, આજુબાજુની શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વાલીઓ, કેળવણી મંડળના પ્રમુખ મફતભાઈ પટેલ તેમજ યજમાન સંસ્થાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ